# ‘બેબી સ્ટેપ ટુ બીગ ડ્રીમ’ એવું એક પુસ્તક જે સંતાનોના ઉછેર માટે માતા-પિતાને તમામ રીતે સહાય કરે છે

**- ડો. મંજૂલા પૂજા શ્રોફ**



માતા-પિતા દ્વારા સંતાનોનો ઉછેર એક એવુ ભગીરથ કાર્ય છે જેમાં બાળકો શિશુવયના હોય ત્યાંરથી માંડીને પુખ્તવયના થાય ત્યાં સુધીના તમામ પ્રારંભિક વર્ષો દરમ્યાન તેઓને માર્ગદર્શન આપવાની એક અતિ મહત્વની જવાબદારી રહેલી છે. આ એક એવી સફર છે જેમાં અનેક અનિશ્ચિતતાઓ અને પડકારો રહેલાં છે તેમ છતાં તે જીવનનો સૌથી મહત્વનો અનુભવ પણ કહેવાય છે. *બેબી સ્ટેપ ટુ બીગ ડ્રીમ* પુસ્તક દ્વારા ડો. મંજૂલા પૂજા શ્રોફ એવી કેટલીક મૂલ્યવાન પદ્ધતિઓ અને આઈડિયા પૂરા પાડે છે જે માતા-પિતાને આ અતિ મહત્વના વર્ષોને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે આગળ ધપાવવા માટે જરૂરી કૌશલ્ય અને જ્ઞાન વડે સુસજ્જ કરે છે.

મોરેસિયસના રાષ્ટ્રપતિ માનનીય પૃથ્વીરાજ સિગ રૂપુન જી.સી.એસ.કેની ઉપસ્થિતિમાં ૨૩ ઓગસ્ટ-૨૦૨૩ના રોજ મોરેસિયસ ખાતે *બેબી સ્ટેપ ટુ બીગ ડ્રીમ* પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. એક શિક્ષણશાસ્ત્રી તરીકે સ્કુલ કેમ્પસમાં તમામ ઉમરના વિદ્યાર્થીઓ સાથે જીવનના કેટલાંય વર્ષો સહયોગમાં રહીને વિતાવનાર અને ડો. શ્રોફે એક માતા-પિતા અને વાલી તરીકેના સ્વાનુભવના આધારે એક પુસ્તક તૈયાર કરાયું છે.

સંતાનોના ઉછેરની કળાને સર્વગ્રાહી અને પૂરાવા આધારિત અભિગમ પૂરો પાડવા ડો. શ્રોફે આ પુસ્તકમાં માતા-પિતા, શિક્ષણવિદો, બાળ મનોચિકિત્સક અને ક્ષેત્રના નિષ્માત લોકોના અભિપ્રાયને પણ ઘણું મહત્વ આપ્યું છે.

આ પુસ્તકના હાર્દમાં એવી માન્યતા છુપાયેલી છે કે સંતાનો સાથેનો અર્થપૂર્ણ સંવાદ અને વાતચીત સંતાનોના ઉછેરમાં સૌથી વધુ અસરકારક ભૂમિકા ભજવે છે. સંતાનો સાથે વધુને વધુ સંવાદ અને વાતચીતને વધારવા ઉપર ભાર મૂકતા ડો. શ્રોફ બાળકોના વિકાસના પ્રત્યેક તબક્કે તેઓની સાથેનું જોડાણ વધારવા અને તેઓને વધુ સારી રીતે સમજવા માટે એક સર્વગ્રાહી રોડમેપની મદદથી માતા-પિતાને માર્ગદર્શન પૂરું પાડે છે. જ્યાંથી શીખવાની અસલી શરૂઆત થાય છે તે બાળપણના અતિ મહત્વના તબક્કાના અસરકારક વર્ણન સાથે આ પુસ્તક વાંચકોને આરંભથી જ જકડી રાખે છે. તેમાં સંબંધોના મહત્વ ઉપર લગાવ ઉપર અને રિસ્પોન્સિવ પેરેન્ટિંગ (બાળકોના પ્રેમ વહેવાર-વર્તનના બદલામાં માતા-પિતાનો કાળજીપૂર્વકનો (ઉછેર) ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, અને તેમ કરીને બાળકના વિકાસ માટે એક સુરક્ષિત વાતાવરણ ખડું કરવા અને વિશ્વાસ ઉભો કરવા માટે વ્યવહારું આંતરદષ્ટિ પૂરી પાડવામાં આવી છે.

બાળકો જેવા શાળાના વર્ષોમાં પ્રવેશે છે તે સાથે ડો. મંજૂલા શ્રોફે તેઓને તેમની ઉંમર મુજબની વાતચીત અને સંવાદમાં વ્યસ્ત કરી દઈ કુતુહલતા અને સ્વતંત્રતા વધારવાની બાબત કેટલી મહત્વની છે તેનું આ પુસ્તકમાં ઉંડાણપૂર્વકનું વિવરણ કર્યું છે.

જે બાળકો અને માતાપિતા એમ બંને માટે પડકારયુક્ત છે એવા કિશોરાવસ્થાના પરિવર્તનકારી સમયગાળા દરમ્યાન બાળકોને માર્ગ દર્શાવવા અને સંવેદનશીલ મુદ્દાઓનો એક ચોક્કસ વ્યૂહરચનાની મદદથી ઉકેલ લાવવામાં આવ્યો છે. સમગ્ર પુસ્તક દરમ્યાન વાંચકને વ્યવહારુ નોંધ અને બાળકો સાથે કેવી રીતે વાતચીત શરૂ કરવી તેની પદ્ધતિઓ જોવા મળશે, તદઉપરાંત બાળ-વિકાસના વિવિધ તબક્કાનું વિસ્તારપૂર્વક વર્ણન કરવા વાસ્તવિક જીવનના કેટલાંક કેસ સ્ટડીઝ પણ જોવા મળશે.

*બેબી સ્ટેપ ટુ બીગ ડ્રીમ* એક પુસ્તક કરતાં પણ કંઈક વિશેષ છે. આ એક એવું જીવન પર્યંત ચાલનારું સંસાધન છે જે માતા-પિતાને તેઓના સંતાનોના વિકાસ માટે સામે ચાલીને શું કરવું તે બાબતે સશક્ત બનાવે છે. ભલે તમે માર્ગદર્શન ઈચ્છતા નવા માતા-પિતા હોવ કે પછી નવી તરકીબો અને પદ્ધતિઓ ઈચ્છતા અનુભવી માતા-પિતા હોવ, સર્વગ્રાહી માર્ગદર્શન પુરૂં પાડતું આ પુસ્તક તમને તમારા સંતાનના વિકાસની સફરના પ્રત્યેક તબક્કે સપોર્ટ કરશે અને તેની સાથે એક પ્રકારનું ડહાપણ પણ પુરૂં પાડશે.

**લેખક વિશેઃ**

ડો. મંજૂલા પૂજા શ્રોફ કેલોરેક્સ ગ્રુપના એમ.ડી અને સીઈઓ હોવા પરાંત ઓરિસ્સામાં આવેલાં સુરંગીના રાજવી પરિવારના રાજકુમારી અને રાણી પણ છે. ભારતમાં તેમને શિક્ષણના પર્યાય તરીકે ઓળખવામાં આવે છે અને છેલ્લાં ત્રણ દાયકામાં તેમણે ૬૫૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓના જીવનમાં એક વિશેષ પ્રભાવ ઉભો કર્યો છે. જીવનમાં સર્વશ્રેષ્ઠ કરી બતાવવાના જુસ્સાથી પ્રેરિત ડો. મંજૂલા શ્રોફે શિક્ષણના વિકાસ અને બાળકોના સશક્તિકરણ માટે આખું જીવન સમર્પિત કરી દીધું છે. તે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ)ના અને લંડન સ્કુલ ઓફ ઈકોનોમિક્સના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. નિયમિત કોલમિસ્ટ, વીલોગર અને લાઈફ કોચ તરીકે પણ ભૂમિકા ભજવે છે. ભારતના રાષ્ટ્રપતિના વરદ હસ્તે સિક્યુલર ઈન્ડિયા એવોર્ડ સહિતના કેટાંક એવોર્ડ દ્વારા તેમનું સન્માન પણ કરાયું છે.




Scanned with ACE Scanner